# સુરત મહાનગરપાલિકા

## સુમન મા.શાળા સેલ

### મુદ્દા નં.૧ :–    પોતાની સંસ્થા, કામગીરીઓ અને ફરજની વિગતો :–

The Particulars of its Organization, functions and duties :-

સુરત શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં  વસવાટ કરતાં શ્રમજીવી,આર્થિક પછાત અનેસ્લમ વિસ્તારનાં નબળા વર્ગનાં વિધાર્થીઓ ખાનગી હાઈસ્કુલોમાં ઉચી ફી ભરપાઈ કરી શકે તેમ ન હોવાથી,તેઓ ધોરણ –૭ પાસ કર્યા બાદ નાના–મોટા ઉધોગ ધંધામાં બાળમજૂર તરીકે જોડાઈ પોતાનું ભાવિ અંધકારમય બનાવી દેતા હોવાની રજુઆત મળેલ.આથી જો સામાન્ય ફી ધરાવતી હાઈસ્કુલોમાં આ બાળકોને પ્રવેશ મળે તો તેઓ આગળનો અભ્યાસ કરી પોતાનું ભાવિ ઉજ્જવળ બનાવી શકે તેવી લોક માંગણીને ધ્યાને લઈ સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભા  ઠરાવ નં.૪૪૪/૯૯ તા. ૨૯/૦૬/૯૯ મુજબ તા.૧૨/૦૮/૯૯થી શહેરનાં ઉધના,વરાછા,કતારગામ તથા અડાજણ વિસ્તારમાં ગ્રાંટ ન લેવાની શરતે ગુજરાતી માધ્યમની ચાર સુમન હાઈસ્કુલો શરૂ કરવામાં આવેલ.ત્યારબાદ લિંબાયત,ઉધના વિસ્તારમાં વસવાટ કરતા મરાઠી માધ્યમનાં બાળકોને પણ તેઓની માતૃભાષામાં માધ્યમિક શિક્ષણ મળી રહે તેવી લોક માંગણીને ધ્યાને લઈ સામાન્ય સભા ઠરાવ નં.૩૬૮/૨૦૦૨ જૂન–૨૦૦૨થી વધુ બે મરાઠીમાં શાળા શરૂ કરવામાં આવેલ ત્યારબાદ વધુ ત્રણ ગુજરાતી માધ્યમની શાળા શરૂ કરવામાં આવેલ. આમ સુરત મહાનગરપાલિકા સંચાલિત ગુજરાતી માધ્યમની –૭ તથા મરાઠી માધ્યમની –૨ મળી કુલ–૯ સુમન હાઈસ્કુલો શહેરનાં જુદા જુદા વિસ્તારોમાં હાલ કાર્યરત છે. આમ, સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરનાં આર્થિક રીતે નબળા અને સ્લમ વિસ્તારનાં બાળકોને શિક્ષણ આપવાનું ઉમદા  સેવાકાર્ય હાથ ધરેલ છે.